# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ

ACPC
એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના ડિગ્રી એન્જિનીયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩

ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાઓની સ્વેચ્છાએ સુપ્રત કરેલ હોય તેવી સંચાલક મંડળની બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન વેબ બેઝ્ડ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત હેલ્પ સેન્ટરનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકશે. હેલ્પ સેન્ટર તથા બેંકની શાખાઓની વિગત વેબસાઈટ www.jacpcldce.ac.in અને gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે તથા માહિતી પુસ્તિકામાં ઉપલબ્ધ છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર **૦૭૯-૨૬૮૫૫૪૪૪** ઉપર આપ સંપર્ક કરી શકો છે.

(૧) **પ્રવેશ યોગ્યતા : ઈજનેરીના અભ્યાસક્રમો માટે :** A તથા AB ગ્રુપના ઉમેદવારો માટે ફિઝિક્સ, કેમેસ્ટ્રી તથા મેથેમેટિક્સનાં વિષયોમાં થિયરી અથવા થિયરી અને પ્રેક્ટિકલનાં ગુણ સાથે કુલ ગુણનાં ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ. **ફાર્મસીનાં અભ્યાસક્રમો માટે :** A, B તથા AB ગ્રુપના ઉમેદવારો માટે ફિઝિક્સ, કેમેસ્ટ્રી તથા મેથેમેટિક્સ/બાયોલોજીનાં વિષયોમાં થિયરી અથવા થિયરી અને પ્રેક્ટિકલનાં ગુણ સાથે કુલ ગુણનાં ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ **અને** ચાલુ સાલે ગુજકેટ-૨૦૧૨ની પરીક્ષા આપી હોય તે ફરિજયાત છે.

(૨) એડમિશન રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ નીચે દર્શાવેલ યાદી મુજબની પંજાબ નેશનલ બેંકની નિર્ધારીત શાખાઓ ખાતેથી રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૫૦/- રોકડા (નોન-રીફન્ડેબલ) આપી **તા. ૧૪-૫-૨૦૧૨ થી તા. ૪-૬-૨૦૧૨ સુધી** કામકાજના સમય દરમ્યાન (જાહેર રજાનાં દિવસો સિવાય) માહિતી પુસ્તિકા તથા PIN મેળવવાના રહેશે.

(૩) ઓનલાઈન એડમિશન માટે ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in પરથી ઓનલાઈન રજિસ્ટ્રેશન **તા. ૧૪-૫-૨૦૧૨ સવારે ૧૧-૦૦ કલાકથી તા. ૪-૬-૨૦૧૨ સાંજે ૫-૦૦ કલાક** સુધી કરાવવાનું રહેશે. ત્યારબાદ ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં.

(૪) પ્રવેશ વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન અત્રેની સમિતિની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અન્ય કોઈપણ રીતે રજિસ્ટ્રેશન ઉપલબ્ધ થઈ શકશે નહીં જેની નોધ લેવી.

(૫) ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી **પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ (ઓરીજીનલ નહિં)** નિર્ધારિત સમયમાં નજીકના હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનાં રહેશે. હેલ્પ સેન્ટર ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવ્યા અંગેની પહોંચ મેળવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. હેલ્પ સેન્ટરોની યાદી વેબસાઈટ www.jacpcldce.ac.in અને gujacpc.nic.in ઉપર મૂકવામાં આવેલ છે.

(૬) Open કેટેગરીનાં ઉમેદવારો, કે જેઓએ ચાલુ સાલે ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને ટ્યુશન ફી માફીની યોજના (TFWS)નો લાભ લેવા ન માંગતા હોય, તેવા ઉમેદવારોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવવા હેલ્પ સેન્ટર ખાતે જવાની જરૂરત નથી. આવા ઉમેદવારો પોતાનાં User Accountમાંથી રજિસ્ટ્રેશન થયા અંગેની Receipt ઓનલાઈન મેળવી શકશે.

(૭) ઓનલાઈન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગયા વર્ષના કટ ઓફ માર્કસ, સીટ મેટ્રીક્ષ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, હેલ્પલાઈન અને પ્રવેશને લગતા પ્રશ્નોત્તર તથા પ્રવેશ અંગેનો કાર્યક્રમ વેબસાઈટ www.jacpcldce.ac.in તથા પ્રવેશ સમિતિના **હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૮૫૫૪૪૪** પરથી મળી શકશે.

(૮) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી, જાહેર રજાનાં દિવસો સિવાય કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

**પંજાબ નેશનલ બેંકની શાખાઓની યાદી :** (૧) હરિકૃપા ટાવર, ગુજરાત કોલેજ સામે, એલિસબ્રીજ, અમદાવાદ (૨) મહાલક્ષ્મી ડાયમંડ ફેક્ટરી બિલ્ડીંગ, સ્વામિનારાયણ મંદિર પાસે, બાપુનગર, અમદાવાદ (૩) સુપર પ્લાઝા બિલ્ડીંગ, સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ (૪) ૭-૧૦, ગ્રા. ફલોર, સર્જન-૨, જનતા નગર સામે, ૧૦૦ ફીટ રોડ, ચાંદખેડા, અમદાવાદ (૫) ૪૧૧/૧, ભાવિક પબ્લિકેશન પાસે, સરખેજ-ગાંધીનગર રોડ, ગોતા, અમદાવાદ (૬) મણિનગર (ઈસ્ટ), અમદાવાદ (૭) સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ (૮) ૧બી, ફર્સ્ટ ફલોર, આરંભ કોમ્પ્લેક્ષ, સ્વસ્તિક સોસાયટી, સ્ટેડિયમ ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ (૯) ૧બી, પહેલો માળ, આરંભ કોમ્પ્લેક્ષ, સ્વસ્તિક સોસાયટી, સ્ટેડિયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ (૯) ૭, શિવાલિક-યશ કોમ્પ્લેક્ષ, શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, નારણપુરા, અમદાવાદ (૧૦) ઓઢવ રોડ, અમદાવાદ (૧૧) આશીર્વાદ કોમ્પ્લેક્ષ, એસ.બી.આઈ. પાસે, મહાલક્ષ્મી, પાલડી, અમદાવાદ (૧૨) અંબિકા સેન્ટર, પથ્થરકુવા, અમદાવાદ (૧૩) જી-૩, ટાવર-બી, શપથ-૪, આનંદધામ જૈન મંદિર પાસે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ (૧૪) આશાપૂર્ણા કોમ્પ્લેક્ષ, શ્યામલ રો-હાઉસ સામે, સેટેલાઈટ, અમદાવાદ (૧૫) હઠીસિંહની વાડી સામે, શાહીબાગ, અમદાવાદ (૧૬) ડી. બી. સ્કૂલ સામે, કાંકરિયા, અમદાવાદ (૧૭) સી. આર. થી ફાર્મર્સ ટ્રેઈનીંગ હોલ, ડિસ્ટ્રીક્ટ પંચાયત, ડાંગ-આહવા (૧૮) ટાવર રોડ, અમરેલી (૧૯) સ્ટેશન રોડ, આણંદ (૨૦) સ્ટેશન રોડ, અંકલેશ્વર (૨૧) ગ્રાઉન્ડ ફલોર, નગીન દેસાઈ સ્ટ્રીટ, રેલ્વે સ્ટેશન પાસે, બારડોલી (૨૨) બાવળા બજાર, બાવળા (૨૩) લલ્લુભાઈ ચકલા, ભરૂચ (૨૪) ભીડભંજન મહાદેવ મંદિર સામે, રામવાડી, ભાવનગર (૨૫) સ્ટેશન રોડ, ભૂજ—કચ્છ (૨૬) જવાહર ચોક, બીલીમોરા (૨૭) સરદાર ટાવર સામે, ખંભાત (૨૮) લાલ બજાર, માનપુર ચકલા, ડભોઈ (૨૯) ગ્રાઉન્ડ ફલોર, દુર્ગા મિલ્સ કમ્પાઉન્ડ, ગાડી રોડ, ગોવિંદનગર રોડ, સેન્ટ્રલ પાર્ક, દાહોદ (૩૦)સાઈ ક્રિષ્ના એપાર્ટમેન્ટ, દેવકા-દમણ રોડ, દમણ (૩૧) ઝાલા રોડ, ધ્રાંગધ્રા (૩૨) પ્લોટ નં. ૩૩૨, વોર્ડ-૧૨૮, સેક્ટર-૯, ગાંધીધામ (૩૩) સેક્ટર-૧૬, ઘ-૪, ગાંધીનગર (૩૪) સેક્ટર-૧૦અ, જલસેવા ભવન, ગાંધીનગર (૩૫) ગ્રા. ફલોર, ગુરૂકૃપા કોમ્પ્લેક્ષ, એલ.આઈ.સી. પાસે, ચિત્રા રોડ, ગોધરા (૩૬) પહેલો માળ, મહાલક્ષ્મી ચેમ્બર, ટાઉન પોલિસ સ્ટેશન, હિંમતનગર (૩૭) રણજીત રોડ, જામનગર (૩૮) દાણાપીઠ, જૂનાગઢ (૩૯) ૧, સ્નેહકુંજ સોસાયટી, થોળ રોડ, કડી (૪૦) ગાંધી ચોક, કપડવંજ (૪૧) ગ્રીન ચોક, લીમડી (૪૨) બંદર રોડ, માંડવી-કચ્છ (૪૩) મધુવન કોમ્પ્લેક્ષ, મહેસાણા (૪૪) ચિત્રકુટ થિયેટર પાસે, જનાના હોસ્પિટલ રોડ, મોરબી (૪૫) ડુમરલ બજાર, નડિયાદ (૪૬) એમ. જી. રોડ, ટાવર પાસે, દુધિયા તળાવ રોડ, નવસારી (૪૭ ) બ્લોક નં. ૮, સંસ્કૃત શોપીંગ મોલ એન્ડ રેસી., અમદાવાદ-આબુ રોડ, પાલનપુર (૪૮) ગ્રાઉન્ડ ફલોર, મેઘ પ્લાઝા કોમ્પ્લેક્ષ, વેરાઈ ચકલા, પાટણ (૪૯) સ્ટેશન રોડ, પેટલાદ (૫૦) કેદારેશ્વર રોડ, સુથાર વાડા, પોરબંદર (૫૧) જ્યુબીલી ચોક, રાજકોટ (૫૨) પહેલો માળ, રવિ ટાવર્સ, પરિમલ સ્કૂલ સામે, કાલાવડ રોડ, રાજકોટ (૫૩) 'મૃણાલ', આર. કે. નગર, મેઈન રોડ, વિવેકાનંદ રોડ કોર્નર, રાજકોટ (૫૪) ૯૮, અંબિકા નિવાસ, રાજેન્દ્ર સોસાયટી, સંતોષ ક્રોસ રોડ પાસે, રાજપીપળા (૫૫) દુકાન નં. ૧ અને ૨, ગ્રાઉન્ડ ફલોર, સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ, સિલ્વાસા-વાપી મેઈન રોડ, સિલ્વાસા (૫૬) અપર ફલોર, દુ. નં. ૨૧ થી ૨૪, સીટી લાઈટ કોમ્પ્લેક્ષ, ડુમસ રોડ, સુરત (૫૭) લાલ ગેટ, એમ. જી. રોડ, સુરત (૫૮) પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત (૫૯) મજુરા ભટાર ચાર રસ્તા, સુરત (૬૦) રાંદેર રોડ, આર. એ. જંકશન, સુરત (૬૧) સહારા ગેટ, રિંગ રોડ, સુરત (૬૨) વિવેકાનંદ ચેમ્બર્સ, રાજેશ્વરી હૉલ પાસે, સગ્રામપુરા, સુરત (૬૩) મહેતા માર્કેટ, મેઈન રોડ, સટ્ટા હોલ સામે, સુરેન્દ્રનગર (૬૪) પટેલ ભવન, સ્ટેશન રોડ, ઊંઝા (૬૫) આત્મજ્યોતિ આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, વડોદરા (૬૬) સેફ્રોન ટાવર પાસે, વોડાફોન ઓફિસ પાસે, ફેત્તેહગંજ, વડોદરા (૬૭) સરદાર ભવન, રાવપુરા, વડોદરા (૬૮) શિયાપુરા પોલિસ ચોકી સામે, રાવપુરા, વડોદરા (૬૯) ૨૫૫, કલ્પના સોસાયટી, ઉમા ચોકડી પાસે, શ્રીરંગ ચોકડી પાસે, વાઘોડિયા રોડ, વડોદરા (૭૦) ગ્રાઉન્ડ ફલોર, વિદ્યાભવન કોમ્પ્લેક્ષ, બી.વી.એમ. એન્જિ. કોલેજ પાછળ, વલ્લભ વિદ્યાનગર (૭૧) વી. પી. રોડ, વલસાડ (૭૨) નારાયણ ચેમ્બર્સ, ને.હા. નં. ૮, ગેલેક્ષી હોટલ પાસે, જી.આઈ.ડી.સી., વાપી (૭૩) સટ્ટા બજાર, એસ.ટી. રોડ, સિદ્ધિ વિનાયક બિલ્ડીંગ, વેરાવળ (૭૪) ગ્રાઉન્ડ ફલોર, શાંતિવન રેસીડન્સી, સ્ટેશન રોડ, વ્યારા (૭૫) મોતી ચોક, વઢવાણ-સીટી.

તા. ૧૦-૫-૨૦૧૨

**— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૮૫૫૪૪૪**